# જિલ્લામાં વિજ લાઈનને નડતાં વૃક્ષો દૂર કરવામાં તંત્ર આળસું

## તંત્રનો પ્રિ-મોન્સૂન પ્લાન કાગળ ઉપર, ચોમાસામાં વિજ હોનારતનો ભય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧ ચોમાસુ નજીક આવતાં સરકારી વિભાગોને પ્રિ-મોન્સૂન પ્લાન હેઠળ કામગીરી કરવા માટે બેઠકોમાં આદેશ અપાયા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસાની પૂર્વ તૈયારીઓ કાગળ ઉપર ચાલતી હોય તેવી સ્થિતિ વચ્ચે વિજ લાઈનને નડતર રૂપ વૃક્ષો દૂર કરવામાં તંત્રની આળસ ઠેકઠેકાણે જોવા મળી રહી છે. હેવી વિજ લાઈનની આસપાસ વૃક્ષોનાં ડાળખાં અને જોખમી વૃક્ષો દૂર કરવામાં ન આવતાં આગામી ચોમાસામાં વિજ હોનારતનો ભય સતાવી રહ્યો છે.

દર વર્ષે ચોમાસા દરમ્યાન વિજ ફોલ્ટ વધી જતા હોય છે. કરંટ ઉતરવાના સંખ્યાબંધ બનાવો સામે આવતા હોય છે અને તંત્રની બેદરકારીના કારણે જમીનમાં કરંટ ઉતરતાં મૂંગા પશુઓ તેમજ માનવીઓનો ભોગ લેવાતો હોય છે.



ચોમાસાની પૂર્વ તૈયારીના ભાગરૂપે બંન્ને જિલ્લામાં સરકારના તમામ વિભાગોને એલર્ટ રહેવા માટે સૂચના અપાઈ છે પરંતુ વિજ તંત્રમાં ચોમાસાની પૂર્વ તૈયારી ક્યાંય દેખાતી જ નથી. ખેતરો તેમજ રહેણાંક વિસ્તાર આસપાસથી પસાર થતી હેવી વિજ લાઈનો વૃક્ષોના ડાળખાંમાં ગુંથાઈ છે છતાં નડતરરૂપ વૃક્ષો દૂર કરવામાં તંત્ર મૂહર્તની રાહ જોતું હોય તેવું લાગી રહ્યું છે. માત્ર કાગળ ઉપર નડતર રૂપ વૃક્ષો દૂર કરવા તંત્રએ મન બનાવી લેતાં ચોમાસા દરમ્યાન સામાન્ય વરસાદ અને વાવાઝોડામાં વીજળીને લગતી મુશ્કેલીઓ ઉભી થઈ શકે છે. તાજેતરમાં તાઉતે વાવાઝોડાની ઈફેક્ટથી જિલ્લાના અનેક વિસ્તારોમાં તેજ પવન ફુંકાયા પછી નડતર રૂપ વૃક્ષોના કારણે અસંખ્ય વિજ થાંભલા ધરાશાયી થઈ ગયા પછી પણ તંત્ર હાથ ઉપર હાથ નાખીને બેસી રહ્યું હોય તેવું ઠેકઠેકાણે જોવા મળી રહ્યું છે જેથી આગામી ચોમાસામાં સામાન્ય વરસાદ અને પવનમાં પણ વિજ ધાંધિયા સર્જાય તે નક્કી છે.

# કોઈ તો રોકો : જિલ્લામાં બળીયાદેવનાં વધામણામાં કોરોનાને આમંત્રણ મળવાની દહેશત

## દર રવિવાર-મંગળવારે ઉભરાતાં મંદિરો, માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ અભરાઈએ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના સંક્રમણની સ્થિતિ થોડા ઘણા અંશે કાબુમાં આવી છે ત્યાં બળીયાદેવના મંદિરોમાં વધામણાં કરવાની ગામડાઓમાં હોડ જામી છે. સોશ્યલ ડિસ્ટન્સ અને ફરજીયાત માસ્કના નિયમ અભરાઈએ મૂકી મોટી સંખ્યામાં ભીડ એકત્ર થતી હોવાથી તંત્ર દ્વારા સતર્કતા રાખવામાં નહીં આવે તો ગ્રામ્ય વિસ્તારો ફરીથી કોરોનાના ખપ્પરમાં ધકેલાઈ જવાની દહેશત છે. શ્રદ્ધાના નામે કોરોનાનો પ્રકોપ ગામમાંથી દૂર થાય તેવા આશયે સામૂહીક આયોજનો થઈ રહ્યાં છે પરંતુ એક રીતે વધામણાંથી કોરોનાને ખુલ્લું આમંત્રણ મળવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

જિલ્લામાં કોરોના કાળ શરૂ થયો ત્યારથી ગ્રામ્ય વિસ્તારોમાં અનેક અંધશ્રદ્ધાઓ પ્રજામાં હાવિ થઈ છે. આધુનિક તબીબી વિજ્ઞાન કરતાં પણ પ્રજાને દેવમંદિરો અને ભૂવાઓમાં વધુ વિશ્વાસ હોવાથી ગામમાં સૌ કોઈ કોરોનાથી સુરક્ષિત રહે તેવા આશયે બાધા આખડીઓ શરૂ થઈ છે. સંક્રમણ ઘટ્યા પછી જે લોકો કોરોનાની ઝપટે આવી ગયા હતા તેમના પરિવારો દ્વારા બળીયાદેવની બાધાઓ માનવામાં આવી હતી અને ગામડાઓમાં આ બાધા માટે સામૂહીક ભીડ એકત્ર થઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા એક પખવાડીયાથી બળીયાદેવના મંદિરોમાં ભારે ભીડ ઉમટવા લાગી છે. કોવિડ-૧૯ના નિયમોનું સદંતર ઉલ્લંઘન થઈ રહ્યું છે છતાં જવાબદાર તંત્ર જાણે કે દેવનાં વધામણાં આગળ નતમસ્તક થઈ ગયું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

શ્રદ્ધાને માનવી જોઈએ પરંતુ વૈશ્વિક મહામારીના સમયે અપાયેલ ગાઈડલાઈનનું પાલન કરવું એ પણ મોટો ધર્મ માનવો રહ્યો. જે રીતે બાધાઓ પૂરી કરવા માટે ગામડાંના મંદિરોમાં સામૂહીક ભીડ એકત્ર થઈ રહી છે તે જોતાં હાલ અંકુશમાં રહેલું સંક્રમણ ફરીથી બેકાબુ ન બને તો જ નવાઈ હશે. ગ્રામ્ય વિસ્તારોમાં ઠેકઠેકાણે દર રવિવાર અને મંગળવારે બળીયાદેવના મંદિરોમાં ભીડનાં દ્રશ્યો અને દર્શન માટે કતારો છતાં સ્થાનિક પંચાયતના સત્તાધિશો અને પોલીસ પણ મૂક પ્રેક્ષક બની રહેતાં સંક્રમણની સ્થિતિ જોખમી બની શકે છે.

## હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશન પાસે મારુતિ ૮૦૦ ગાડીમાં આગ લાગી

હિંમતનગર, તા. ૩૧ હિંમતનગર શહેરના હાર્દ સમા અને લોકોની અવરજવરથી સતત ધમધમતા એવા પોસ્ટ ઓફિસ રોડ ઉપર હિંમતનગરના કાનડા ગામમાં રહેતા વિનય કુમાર નટવરલાલ ભટ્ટ પોતાની મારુતિ ૮૦૦ કાર સાથે બી ડિવિઝન પોલીસ સ્ટેશન સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મારુતિ ૮૦૦ કારમાં શોર્ટ સર્કિટ થવાને કારણે એકાએક કારમાં આગ ભભૂકી ઉઠી હતી અને મારુતિના આગળના ભાગમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા જેને પગલે વિનય કુમાર ભટ્ટ ગાડીમાંથી બહાર નીકળી ગયા હતા અને મારુતિ કારમાં એકાએક આગ લાગવાને પગલે રોડ ઉપર અફડાતફડી મચી જવા પામી હતી.

# રાધનપુરના ધારાસભ્યએ કોરોના નિયમોનો ભંગ કર્યો

## ધારાસભ્ય રઘુ દેસાઈનું વધુ એક કારસ્તાન : મને બદનામ કરવા કોઈએ જૂના-નવા વીડિયો વાયરલ કર્યા

રાધનપુર કોંગ્રેસના ધારાસભ્યએ કોરોનાના નિયમોના ધજાગરા ઉડાવ્યા છે. રાધનપુરના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત દરમિયાન ધારાસભ્ય રઘુ દેસાઈએ સરકારની કોરોના ગાઈડલાઈનનો ભંગ કર્યો છે. જો કે, આ મામલે ધારાસભ્ય રઘુ દેસાઈએ જણાવ્યું હતું કે, મને બદનામ કરવા કોઈએ મારા જૂના અને નવા વીડિયો વાયરલ કર્યા છે. ગુજરાત સહિત દેશમાં કોરોના મહામારીનો કહેર જોવા મળી રહ્યો છે. ત્યારે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા કોરોના સંક્રમણને રોકવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. કોરોનાને લઈ સરકાર દ્વારા ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. ત્યારે રાધનપુરના ધારાસભ્ય દ્વારા આ ગાઈડલાઈનનો ભંગ કરવામાં આવ્યો છે. રાધનપુર કોંગ્રેસના ધારાસભ્યએ કોરોનાના નિયમોના ધજાગરા ઉડાવ્યા છે. સાંતલપુરના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત દરમિયાન ધારાસભ્ય રઘુ દેસાઈએ નિયમોના ધજાગરા ઉડાવ્યા હતા. રાધનપુર કોંગ્રેસના ધારાસભ્ય રઘુ દેસાઈએ સરકારની કોરોના ગાઈડલાઈનનો ભંગ કર્યો છે. સાંતલપુરના ગ્રામ્ય વિસ્તારની મુલાકાતમાં રઘુ દેસાઈ દ્વારા સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવ્યું ન હતું. રઘુ દેસાઈ સાથે ગ્રામ્ય વિસ્તારના લોકો પણ જોવા મળ્યા હતા. ધારાસભ્ય રઘુ દેસાઈ માસ્ક વગર તેમજ બે ગજની દુરીનો અભાવ જોવા મળ્યો હતો. આ અગાઉ પણ ધારાસભ્ય રઘુ દેસાઈ દ્વારા કોરોનાના નિયમોનો ભંગ કરાયો છે. એક બાજુ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના સંક્રમણ વચ્ચે ગાઈડલાઈનનો ભંગ ફરી કોરોનાને નોતરી શકે છે. જો કે, કોરોનાના નિયમોના ભંગ કરવા બદલ રાધનપુર કોંગ્રેસના ધારાસભ્ય રઘુ દેસાઈ દ્વારા પોતાના બચાવ કરવામાં આવ્યો હતો. ત્યારે આ મામલે રઘુ દેસાઈએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, મને બદનામ કરવા કોઈએ મારા જૂના અને નવા વીડિયો વાયરલ કર્યા છે. રઘુ દેસાઈએ કહ્યું કે, મેં ગ્રામ્ય વિસ્તારમાં લોકો કોરોનાની રસી લેવામાં જાગૃત બને તે માટે મુલાકાત કરી હતી. કોરોના મહામારીમાં માત્ર રસી જ ઉપયા છે, તે માટે હું લોકોને મનાવવા ગયો હતો. સાંતલપુરના ગ્રામ્ય વિસ્તારમાં માત્ર ૩ ટકા જેટલું જ રસીકરણ થયું છે.

## દુઃખદ અવસાન



બાયડ : બાયડ ગામના પરેશભાઈ વિનુભાઈ ભાટીયા(મેન્ટેનન્સ મેનેજર : કેમીનોવા ઈન્ડીયા પ્રા.લી. પાનોલી-ભરૂચ) (હાલ રહે. વડોદરા)ના મોટાભાઈ અને ભરતભાઈ રમણભાઈ ભાટીયા (નિવૃત્ત તાલુકા પંચાયત કર્મચારી), અશોકભાઈ રમણભાઈ ભાટીયાના ભત્રીજા ભદ્રેશકુમાર વિનુભાઈ ભાટીયાનું નિધન થયેલ છે. સદ્ગતનું સૂતક અને ટેલિફોનિક બેસણું તા.૩ જૂન, ગુરૂવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ રાખેલ છે.

# ગુજરાતમાં કોરોનાના નવા ૧૬૮૧ કેસ નોંધાયા

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૮ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૭૬૬૯૯૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૭૦ કેસ

ગાંધીનગર,તા.૩૧ રાજ્યમાં કોરોના મહામારીનો કહેર ધીમે ધીમે ઓછો થઈ રહ્યો છે. ત્યારે દરરોજ કોરોના કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના કેસની સંખ્યા ૨ હજારથી નીચે પહોંચી ગઈ છે. તો બીજી તરફ મોતનો આંકડો પણ સતત ઘટી રહ્યો છે અને સાજા થતા દર્દીઓની સંખ્યામાં બમણો વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં આજે પણ કોરોના કેસમાં ઘટાડો નોંધાયો છે. રાજ્ય સરકાર દ્વારા સતત કોરોના વેક્સીનેશન કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧,૬૮૧ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૪,૭૨૧ લોકો કોરોનાને માત આપીને સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૭,૬૬,૯૯૧ દર્દીઓ કોરોનાને માત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ વધીને આજે ૯૪.૭૯ ટકાએ પહોંચ્યો હતો. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૩૨,૩૪૫ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૪૯૬ લોકો વેન્ટિલેટર પર છે અને ૩૧,૮૪૯ લોકો સ્ટેબલ છે. જો કે, રાજ્યમાં કુલ ૭,૬૬,૯૯૧ લોકો ડિસ્ચાર્જ થયા છે. ૯,૮૩૩ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૪, સુરત કોર્પોરેશનમાં ૧, વડોદરા કોર્પોરેશનમાં ૨, જામનગર કોર્પોરેશનમાં ૧ અને ભાવનગર કોર્પોરેશનમાં ૧ દર્દીનું મોત થયા છે. આ ઉપરાંત વડોદરામાં ૧, સુરતમાં ૧, પચંમહાલમાં ૧, બનાસકાંઠામાં ૧, જામનગરમાં ૧, સાબરકાંઠામાં ૧, મહેસાણામાં ૧, મહિસાગરમાં ૧ અને ભાવનગરમાં ૧ દર્દીનું મોત થયું છે. આ સાથે રાજ્યમાં કુલ ૧૮ દર્દીઓના મોત થયા છે.

# જન્મદિને વધામણી



ભવ્યદિપસિંહ મનોજસિંહ ઝાલા
જીતપુર, તા.બાયડ



કાન્તિભાઈ માણેકલાલ પટેલ
(કોષાધ્યક્ષ : ગાયત્રી શક્તિપીઠ-બાયડ)
અરજણવાવ, તા.બાયડ




વિદ્યાબેન નિલેષભાઈ રાવલ
(ઈ-૧, વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



રમેશ પરમાર
વાત્રક, તા.બાયડ



વિપુલ ગોસ્વામી
બાયડ, જિ.અરવલ્લી



જે. એસ. પટેલ
પૂર્વ પ્રમુખ : લાયન્સ કલબ
બાયડ, જિ.અરવલ્લી



લાલગીરી સી. ગોસ્વામી
(ભેરૂન્ડા પ્રા.શાળા)
આકરૂન્દ, તા.ધનસુરા



ભરતભાઈ બારોટ
વાત્રક, તા.બાયડ



કુંદનભાઈ પટેલ
હિંમતનગર, જિ.સાબરકાંઠા



દિપસિંહ રાઠોડ
(સાંસદ સભ્ય : સાબરકાંઠા)
વાઘપુર, તા.પ્રાંજિ



રાકેશ ગોસ્વામી
બાયડ, જિ.અરવલ્લી



શંભુભાઈ ખાંટ
(અધ્યાપક : ઉજળેશ્વર બી.એડ્. કોલેજ)
પાટ્યો, તા.ધનસુરા



શંકરભાઈ પ્રજાપતિ
(મહામંત્રી : બાયડ તાલુકા પ્રજાપતિ સમાજ)
ડેમાઈ, તા.બાયડ



કંચનબેન એમ. પટેલ
(કોર્પોરેટર : નગરપાલિકા-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી



પ્રભુદાસભાઈ કે. પટેલ
પૂર્વ પ્રમુખ : લાયન્સ કલબ
બાયડ, જિ.અરવલ્લી



જીતેન્દ્રભાઈ પટેલ
(તલાટી કમ મંત્રી)
બાયડગામ, જિ.અરવલ્લી



જ્યોત્સનાબેન આર. પટેલ
બાદરપુરા, તા.બાયડ



જયંતિભાઈ પટેલ
(નિવૃત્ત અધિકારી : ઉત્તર ગુજરાત વિજ કંપની)
(નારાયણનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



રમીલાબેન ડી. ચૌધરી
(પૂર્વ પ્રમુખ : મહેસાણા જિલ્લા પંચાયત) મહેસાણા



જશવંતભાઈ પટેલ
(નિવૃત્ત આર્મીમેન)
અરજણવાવ, તા.બાયડ



બી. એસ. મોરી
(ડી.વાય.એસ.પી., નવસારી)
સુરત



જતિન ચૌધરી
બાયડ, જિ.અરવલ્લી



સતિષકુમાર પી. દરજી
(આવકાર જેન્ટ્સ ટેલર્સ)
બાયડ, જિ.અરવલ્લી



લક્ષ્મણગીરી કે. ગોસ્વામી
(પૂર્વ કન્વિનર : બાયડ તાલુકા દશનામ ગોસ્વામી સમાજ)
ધડુશીયામઠ(બાયડ)



રમેશભાઈ ડી. પટેલ
(જૂ. કલાર્ક : શ્રી સરસ્વતી વિદ્યાલય, રમાસ)
(નારાયણનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



આર. ડી. પટેલ
(સંચાલક : આરડેક્તા ઈન્સ્ટીટ્યુટ-ખેડબ્રહ્મા)
નવીમેત્રાલ, તા.ખેડબ્રહ્મા



માધુભાઈ ચોવટીયા (બિલ્ડર)
(શ્રીધર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



પ્રહલાદભાઈ પટેલ (બિલ્ડર)
(ગોકુલેશ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



વિનોદભાઈ પટેલ
(આરડેક્તા કોલેજ-ખેડબ્રહ્મા)
વડતોલ, તા.ખેડબ્રહ્મા



ઈદાલખાન આર. બલોચ
(નિવૃત્ત શિક્ષક : આકરૂન્દ હાઈસ્કુલ)
બાયડ, જિ.અરવલ્લી



એ. કે. બલોચ
(પૂર્વ આચાર્ય : સારસ્વત ઉ.બુ.વિદ્યાલય)
બાયડ, જિ.અરવલ્લી



વિનુભાઈ એમ. પટેલ
(નિવૃત્ત આરોગ્ય કર્મચારી)
રડોદરા, તા.બાયડ



બાબુભાઈ એચ. પરમાર
(૭૩, શ્રીનાથજીપાર્ક સોસાયટી)
બાયડ (આંબાગામ)



નીરૂસિંહ આદરસિંહ પરમાર
બાયડગામ, જિ.અરવલ્લી